Water

**માનનીય અધ્યક્ષશ્રી,**

• માનનીય પર્યાવરણ મંત્રીશ્રી, આ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ 2024 પ્રસ્તાવના લાવવાની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. જે પ્રસ્તાવના હુ આવકારૂ છું અને તે વિશે મારા વિચારો વ્યક્ત કરવા માગું છુ.

**માનનીય અધ્યક્ષશ્રી, નમો દેવ્યૈ મહા દેવ્યૈ**

• સમગ્ર ભ્રમાંડ પંચ મહાભૂત થી બનેલો હોય છે અને આ શરીર પણ પંચ મહાભૂતથી બનેલો છે જે પૈકી પાણી એ એક મહત્તવનું અંગ છે અને પાણી વિના આ સૃષ્ટિ ના ચેતન નથી રહેતું. પાણી એ પરમાત્માનું પ્રસાદ છે આ પાણીને જાળવવા માટે અને પ્રદુષિત થતું બચાવવા માટે સરકારે વિવિધ વિભાગોની રચના કરેલ છે તે પૈકી પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 15 ઓક્ટોબર 1974 ના રોજ અમલમાં આવેલ અને તેની કલમ 4 હેઠળ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

• ગુજરાત રાજય વેપારી અભિગમ સાથે ભૂતકાળના વર્ષોમાં ધંધા રોજગાર અને વેપાર માટેનું મુખ્ય મંથક હતું અને આજ પણ શાંત વાતાવરણ અને સામાજિક સદભાવના ને કારણે ગુજરાતમાં વેપાર , ધંધો, ઉદ્યોગ ક્ષેત્ર માં અગ્રેસર છે ગુજરાત ઔધોગીક ક્ષેત્રમાં અગ્રેસર છે. રાજયમાં સામુહિક ધોરણે સંયુક્ત પર્યાવરણ સુવિધાઓ વિકસાવવામાં રાષ્ટ્રમાં અગ્રેસર છે.

• ઉધોગો જ્યારે આવે ત્યારે એની સાથે કેટલીક પર્યાવરણીય વિકૃતિઓ પણ સાથે છે ગુજરાત રાજ્યનું નેતૃત્વ રાજ્યના વિકાસ સાથે દેશનું વિકાસના મંત્રને સાથે લઈને આગળ ચાલે છે ત્યારે જન સામાન્યને રક્ષા માટે પર્યાવરણની રક્ષા પણ એટલી જ જરૂરી છે અને એ માટે તમામ જરૂરી ઉપાયો કરવામાં આવે છે જેવા કે ગુજરાત રાજ્યમાં આશરે ૮૮૮ એમ.એલ.ડી ક્ષમતાના કુલ ૪૩ ગંદાપાણીના સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત છે. જેમાં ૬૬૧૬ ઉધોગોનં ગંદુપાણી શુધ્ધ થાય છે. વધુમાં રાજ્યમાં ૧૬ નવા સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ આવનાર છે અને ૧૬કાર્યરત સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતામાં વધારો થનાર છે.

• રાજ્યમાં ૧૦ ટી.એસ.ડી.એફ કાર્યરત છે અને ૦૯ સુચિત છે. તે ઉપરાંત ૧૪ કેપ્ટિવ ટી.એસ.ડી.એફ સાઇટ્સ છે.

• રાજ્યમાં ૦૫ સામુહિક ઇન્સીનરેટર અને વ્યક્તિગત ૪૩ જોખમી કચરાના ઇન્સીનરેટર કાર્યરત છે.

• રાજ્યમાં ડીસ્કાર્ડેડ બેરલ / કન્ટેનર / ડ્રમ વગેરેના ડીકન્ટામીનેશન માટે સામુહિક કુલ ૧૦૪ ફેસીલીટી આવેલ છે.

• રાજ્યમાં રાજ્યમાં કુલ ૪૦ ઓથોરાઇઝ ઇ-વેસ્ટ રિસાયકલર્સ / ડિસમેન્ટલર્સ કાર્યરત છે.

• રાજ્યમાં કુલ ૧૭ સામુહિક અને ૪૨૭ વ્યક્તિગત મલ્ટીપલ ઇફેક્ટ ઇવોપરેટર કાર્યરત છે.

• પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 આવ્યા પછી તેમા જે કોઇ ફેરફારો કરવામાં આવ્યા તેના પરિણામે પાણી પ્રદૂષણ નિયંત્રણ અને ઔધોગીક વિકાસ જળવાઇ રહે તે માટેના પ્રયત્નો થયા. આજે જે સુધારા અધિનિયમ લાવવામાં આવ્યુ છે તેના માટે કેંદ્ર સરકાર દ્વારા જન વિશ્વાસ (જોગવાઈઓનો સુધારો) અધિનિયમ, ૨૦૨૩તાજેતરમાં સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હતો. જન વિશ્વાસ (જોગવાઈઓનો સુધારો) અધિનિયમ, ૨૦૨૩માં દંડ અને વધારાના દંડ સાથે અવેજી કરીને તેને આંશિકરૂપે અપરાધમુક્ત કરવા માટે ૪૨ અધિનિયમની કુલ ૧૮૩ જોગવાઈઓમાં સુધારો કર્યો છે. અને સંપૂર્ણપણે ઔધોગિક ક્ષેત્રોને લગતા અધિનિયમોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

• સબ કા સાથ સબ કા વિકાસ અને સબ કા વિશ્વાસ સબ કા પ્રયાસ ના મંત્ર ને ચરીચાત કરતી દેશના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર અમૃત કાળમાં જ્યારે ભારત પ્રવેશ્યુ છે અને આત્મનિર્ભર ભારત વિકસિત ભારત બનાવવું છે ત્યારે ઉધોગ ગ્રહોની મુશ્કેલીઓને પણ સમજી અને તેની મુશ્કેલોયોનું સમાધાન કાયદાની યોગવાઈઓ સાથે જન વિશ્વાસ અધિનિયમ અમલ કરેલ છે અને ઈ

અધિનિયમોમાં પણ જરૂરિયાત મુજબ ચોગવાઇઓમાં સુધારો વધારો કરવામાં આવતો રહે છે જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) અધિનિયમ, ૨૦૨૩ દ્વારા સુધારેલા ૪૨ અધિનિયમોમાં હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧ (ટૂકમાં “હવા અધિનિયમ ૮૧”), પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ (ટૂકમાં “ઈપીએ ૮૬”) અને પબ્લિક લાએબીલીટી ઈન્સ્યુરન્સ અધિનિયમ, ૧૯૯૧ નામના ત્રણ અધિનિયમોને પણ આવરી લેવામાં આવેલ છે.

• ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૫૨(૧)ના પ્રાવધાન મુજબ બે કે તેથી વધુ રાજ્યોની વિધાનસભા દ્વારા રાજયના વિષયમાં કાયદો બનાવવા સંસદને અધિકૃત કરવામાં આવે તો સંસદ આ વિષયમાં કાયદો ઘડી શકે છે. જે અન્વયે હિમાચલ પ્રદેશ અને રાજસ્થાન રાજ્યો દ્વારા સંસદને ઠરાવ પસાર કરીને કાયદો બનાવવા અધિકૃત કરવામાં આવેલ.

• ત્યારબાદ, સંસદ દ્વારા પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ ઘડવામાં આવ્યો છે અને તા.૧૫.૦૨.૨૦૨૪ના રોજ ભારતના સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

• આમ, **પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ)** સુધારા **બિલ, 2024 ની જોગવાઇઓ હાલના પરિપ્રેક્ષ્યમાં તાતી જરુરીયાત હોય, આમ આ બીલની જોગવાઇઓને હું આવકારુ છું.**